**સોશીયલ મીડિયાના નોડલ ઓફિસર તરીકે નિમણૂંક કરવા બાબત.**

વંચાણમાં 	૧ 	નિયામકશ્રી, સમેતિ અને સ્ટેટ નોડલ ઓફિસર, આત્મા,પી–૭ એમ ફલોર કૃષિ ભવન ગાંધીનગરના તા. ૩૦.૧૧.૨૦૧૬ના પત્રક્રમાંક જીઓજી/આત્મા/ઇ–મેઇલ/૨૦૧૬

## ◈ કાર્યાલય આદેશ ◈

ઉપરોકત વંચાણમાં લીધેલ ક્રમ–૧ના પત્રમાં જણાવ્યા મુજબ નામ.સરકારશ્રીની નીતી,કાર્યક્રમો અને સિધ્ધીઓની વિગતો **Facebook** અને **Twitter** ના માધ્યમથી સરળતાથી નાગરિકોને પહોંચાડી શકાય તથા જાગૃત નાગરિકોના અભિપ્રાય મેળવી શકાય તે બાબતે નામ. સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગની કામગીરી માટે નિયામકશ્રી સમેતિ(આત્મા પ્રોજેકટ)ની સોશીયલ મીડીયાના નોડલ ઓફિસર તરીકે નિમણૂંક કરવામાં આવેલ છે. જેને ધ્યાનમાં લઇ સદર બાબતની કાર્યવાહી માટે અત્રેની નવસારી કૃષિ યુનિવર્સિટી ખાતે એક નોડલ ઓફિસરશ્રીની નિમણૂંક કરવા માટે જણાવવામાં આવેલ છે.

નવસારી કૃષિ યુનિવર્સિટી હસ્તકની આચાર્યશ્રી એગ્રીબીઝનેશમેનેજમેન્ટ ઈન્સ્ટીટયુટ નવસારી કૃષિ યુનિવર્સિટી નવસારી ખાતે નિયામક શ્રી, ઈન્ફોર્મેશન ટેકનોલોજી તરીકે હાલમાં કામગીરી સંભાળતા **ડો.બી.એલ.રાદડીયા**ની નવસારી કૃષિ યુનિવર્સિટીના **સોશીયલ મીડીયાના નોડલ ઓફિસર** તરીકે આથી નિમણૂંક કરવામાં આવે છે.**ડો.રાદડીયા,નોડલ ઓફિસરશ્રી**એ ભારત સરકારશ્રીની માર્ગદર્શક સૂચનાઓ મુજબ કાર્યવાહી કરવાની રહેશે.

વધુમાં જણાવવાનું કે નવસારી કૃષિ યુનિવર્સિટીના શિક્ષણ, સંશોધન અને વિસ્તરણ તથા અન્ય પ્રવૃત્તિઓ વિશેની તમામ વિગતો **ડો. બી.એલ.રાદડીયા , નોડલ ઓફિસરશ્રી**ને પૂરી પાડવા માટે નીચે જણાવેલ અધિકારીશ્રીઓની નિયુકિત કરવામાં આવે છે.

| અ.નં. | નામ | હોદ્દો | માહિતી પૂરી પાડવાની છે તેની વિગત | રીમાર્કસ |
|---|---|---|---|---|
| **૧** | **૨** | **૩** | **૪** | **૫** |
| ૧. | ડો. કે.એ.પટેલ | સહ સંશોધન નિયામકશ્રી | યુનિવર્સિટીની સંશોધનને લગતી બાબતો | |
| ૨. | ડો. એસ.ડી.કવાડ | સહ પ્રાધ્યાપકશ્રી | યુનિવર્સિટીની વિસ્તરણને લગતી બાબતો | |
| ૩. | ડો. સી.વી.સાવલીયા | નિયામકશ્રી, વિદ્યાર્થી પ્રવૃત્તિઓ | યુનિવર્સિટીની શિક્ષણને લગતી બાબતો | |
| ૪. | પ્રો કુલદિપ ચૌધરી | મદદનીશ કુલસચિવ(વહીવટ) | | |
| ***નીચે જણાવેલ અધિકારીશ્રીઓએ યુનિવર્સિટીના શિક્ષણને લગતી બાબતની વિગતો ક્રમ ૩ અને ૪ના અધિકારીશ્રીઓને પૂરી પાડવાની રહેશે.*** | | | | |
| ૧. | ડો. એમ.કે.એરવાડીયા | આચાર્યશ્રી ન.મ.કૃષિમહાવિદ્યાલય, ન.કૃ.યુ. નવસારી | | |
| ૨. | ડો. કે.જી.પટેલ | આચાર્યશ્રી કોલેજ ઓફ એગ્રીકલ્ચર ન.કૃ.યુ. ભરૂચ. | | |
| ૩. | ડો. ઝેડ પી. પટેલ | આચાર્યશ્રી કોલેજ ઓફ એગ્રીકલ્ચર ન.કૃ.યુ. વઘઇ | | |
| ૪. | ડો. એન.એચ.કેલાવાલા | આચાર્યશ્રી પશુચિકિત્સા અને પશુપાલન મહાવિદ્યાલય, ન.કૃ.યુ. નવસારી | | |
| ૫. | ડો. બી.એન.પટેલ | આચાર્યશ્રી અસ્પી બાગાયત–વ–વનીયમહાવિદ્યાલય, ન.કૃ.યુ. નવસારી | | |
| ૬. | ડો. એચ.આર.પંડયા | આચાર્યશ્રી અસ્પી એગ્રીબીઝનેશમેનેજમેન્ટ ઈન્સ્ટીટયુટ ન.કૃ.યુ. નવસારી | | |
| ૭. | ડો. આર.એમ.પટેલ | આચાર્યશ્રી અસ્પી શકિલમ બાયોટેકનોલોજી ઈન્સ્ટીટયુટ ન.કૃ.યુ. સુરત | | |
| ૮. | પ્રો. પી.આર.પાંડે | આચાર્યશ્રી એગ્રીકલ્ચર એન્જીનીયરીંગ કોલેજ ન.કૃ.યુ. ડેડીયાપાડા | | |
| ૯. | ડો. આર.વી.બોરીચાંગર | નોડલ ઓફિસરશ્રી, ફીશરીઝ કોલેજ ન.કૃ.યુ. નવસારી | | |

ડો. બી.એલ.રાદડીયા, સોશીયલ મીડીયાના નોડલ ઓફિસર તરીકે યુનિવર્સિટીની સિધ્ધીઓ નામ. સરકારશ્રીની નિતીઓ,કાર્યક્રમ અને સિધ્ધીઓને લગતી બાબતો સતત સોશીયલ મીડીયા ઉપર અપડેટ થતી રહે જે માહીતી soit-agri@gujarat.gov.in અને us-esst-agri@gujarat.gov.in ) અને icc.sameti1@gmail.com ઈમેઇલ ઉપર આપની માન્યતા (ઓર્થેન્ટીકેશન) સાથે સતત મળતી રહે તે જોવાનું રહેશે.

પ્રસ્તુત આદેશ આ શાખાની નોધ ફાઇલ ઉપર માન.કુલપતિશ્રીની મંજુરી મેળવીને યુનિવર્સિટીના કામકાજના હિતમાં કરવામાં આવે છે.

જા.નં.નકૃયુ/રજી/એડીએમ.૧.૧/ ૧૭૬૩૭–૮૬/૨૦૧૬
નવસારી તા. ૨૧.૧૨.૨૦૧૬

**કુલસચિવ**
**નવસારી કૃષિ યુનિવર્સિટી**
**નવસારી**

**નકલ સવિનય રવાનાઃ–**

૧. નવસારી કૃષિ યુનિવર્સિટીના તમામ અધિકારીશ્રીઓ તરફ
૨. નવસારી કૃષિ યુનિવર્સિટીના તમામ કોલેજના ડીનશ્રીઓ/આચાર્યશ્રીઓ તરફ
૩. નવસારી કૃષિ યુનિવર્સિટીના તમામ યુનિટ/સબ યુનિટ અધિકારીશ્રીઓ

**નકલ રવાનાઃ–**

૧. માન.કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી તરફ જાણ સારુ.
૨. ડો. બી.એલ.રાદડીયા, નિયામકશ્રી, ઈન્ફોર્મેશન ટેકનોલોજી , એબીએમ કોલેજ, નવસારી કૃષિ યુનિવર્સિટી નવસારી તરફ જાણ તથા અમલ સારુ..
૨. કોલમ નં. ૨ ના અધિકારીશ્રીઓ તરફ જાણ તથા અમલ સારુ